# ફાસ્ટ રિવિઝન

## જૂન ૨૦૨૦



Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC ™

# જૂન ૨૦૨૦
## (૧ થી ૩૧ મે, ૨૦૨૦)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ**
**(ડે. કલેક્ટર)**

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**

Crack GPSC



# Most Imp Current Affairs

1 મે

- શિબલી ફરાઝ પાકિસ્તાનના નવા સૂચના મંત્રી નિયુક્ત.
- શૈલેશ હરિભક્તિ ફિનટેક કંપની IBSFINtechના ચેરમેન નિયુક્ત. IBSFINtech COVID-19 દરમ્યાન નવી વિશ્વ વ્યવસ્થા માટે કોર્પોરેટ્સને તૈયાર કરવામાં નેતૃત્વ કરી રહી છે.
- IFS અધિકારી ટી. એસ. તિરુમૂર્તિ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના નવા સ્થાઇ પ્રતિનિધિ નિયુક્ત.
- નીરજ વ્યાસ PNB હાઉસિંગ ફાયનાન્સ લિ.ના MD અને CEO નિયુક્ત.
- 1 મે: ઇન્ટરનેશનલ લેબર ડે.
- 1 મે: ગુજરાત અને મહારાષ્ટ્ર દિવસ. ઈ.સ. 1960માં આ દિવસે ભારત સરકારે બોમ્બે રીઓર્ગેનાઈઝેશન એક્ટ અંતર્ગત મુંબઈ રાજ્યના બે ભાગ પાડીને ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્યોની રચના કરી.
- 'સાત પગલાં આકાશમાં' નવલકથાનાં રચયિતા પ્રખ્યાત ગુજરાતી લેખિકા કુંદનિકા કાપડિયાનું નિધન.
- કર્ણાટકના પૂર્વ ક્રિકેટર જે. અરૂણકુમાર USA નેશનલ ટીમના હેડ કોચ નિયુક્ત.

2 મે

- પૂર્વ નાણા સચિવ રાજીવ કુમાર પબ્લિક એન્ટરપ્રાઈઝીસ સિલેક્શન બોર્ડ (PESB)ના ચેરપર્સન નિયુક્ત.
- દિપક મિત્તલ કતારમાં ભારતના આગામી રાજદૂત નિયુક્ત.
- પીયુષ શ્રીવાસ્તવ બેહરીનમાં ભારતના આગામી રાજદૂત નિયુક્ત.
- IT સેવા અને ટેકનોલોજી કંપની CSS કોર્પ.એ બિઝનેસ ઇન્ટેલિજન્સ ગ્રુપ દ્વારા એક્સેલન્સ ઇન કસ્ટમર સર્વિસ એવોર્ડ્સ-2020માં આઉટસોર્સ પાર્ટનર એવોર્ડ જીત્યો.
- અમદાવાદની પશુ સ્વાસ્થ્ય સેવા કંપની હેસ્ટર બાયોસાયન્સીઝે COVID-19ની વેક્સિન વિકસાવવા માટે IIT-ગુવાહાટી સાથે સમજૂતી કરી.
- ઇન્ટરનેશનલ બજેટ પાર્ટનરશિપ (IBP)ના 117 દેશોના સર્વેમાં બજેટ ટ્રાન્સપરન્સી અને અકાઉન્ટેબિલિટી બાબતે ભારત 49 અંક સાથે 53મા ક્રમે. ન્યુઝીલેન્ડ 87 અંક સાથે પ્રથમ.

Crack GPSC

- લોક ડાઉનને કારણે વિવિધ સ્થળોએ ફસાયેલા લોકોને સ્થાનાંતરિત કરવા માટે રેલવે વિભાગે 'શ્રમિક સ્પેશિયલ' ટ્રેન્સ શરૂ કરવાનો નિર્ણય કર્યો.
- IIT-મદ્રાસના પ્રોફેસર થલાપ્પિલ પ્રદીપ સાયન્સ એન્ડ ટેકનોલોજી કેટેગરીમાં નિક્કી એશિયા પ્રાઈઝ-2020 માટે પસંદગી પામ્યા.
- એક્સિસ બેંકનાં પૂર્વ CEO શિખા શર્મા ગુગલ પે ઇન્ડિયાનાં એડવાઇઝર નિયુક્ત.

**3 મે**

- FIFAએ COVID-19 સમયમાં અવિરત પણે પોતાની ફરજ નિભાવી રહેલા સ્વાસ્થ્ય કર્મીઓના સન્માન માટે #WeWillWin નામનું અભિયાન શરૂ કર્યું.
- મણીપુરના ડોક્ટર થંગજામ ધબલી સિંઘ ભારતમાં જાપાનની સમજણને પ્રોત્સાહન આપવા અને બંને દેશો વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવા માટે જાપાનના 'ઓર્ડર ઓફ રાઈઝિંગ સન'થી સન્માનિત.
- દેહરાદૂનની વાડિયા ઇન્સ્ટીટયુટ ઓફ હિમાલયન જિઓલોજી (WIHG)ના વૈજ્ઞાનિકોએ લદ્દાખ, હિમાલયમાં નદીના ધોવાણના 35,000 વર્ષના ઈતિહાસની માહિતી આપી, તે ઉપરાંત બફર ઝોન તરીકે કાર્યરત ખીણોના હોટસ્પોટની પણ ઓળખ કરી.
- દૂરદર્શન પર પુનઃપ્રસારિત રામાનંદ સાગરની ધારાવાહિક 'રામાયણ' એ વૈશ્વિક સ્તરે સૌથી વધુ જોવામાં આવનાર મનોરંજન કાર્યક્રમનો રેકોર્ડ બનાવ્યો. આ ધારાવાહિક એક જ દિવસે 77 મિલિયન લોકો દ્વારા જોવામાં આવી.
- શોભના નરસિમ્હન સહિત ત્રણ ભારતીયો અમેરિકન એકેડમી ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સીઝમાં ઇન્ટરનેશનલ ઓનરરી મેમ્બર ચૂંટાયાં.

Crack GPSC







- અરવિંદ કુમાર શર્મા મિનિસ્ટ્રી ઓફ માઇક્રો, સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝીસ (MSME)ના સચિવ નિયુક્ત.
- ગિરધર અરમાને મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝના સચિવ નિયુક્ત.
- ટાટા મોટર્સની જગુઆર લેન્ડ રોવરના CEO રાલ્ફ સ્પીથ UKની રોયલ સોસાયટીના સભ્ય ચૂંટાયા.

4 મે

- સાનિયા મિર્ઝા એશિયા/ઓશિનીયા ક્ષેત્રમાંથી ફેડ કપ હાર્ટ એવોર્ડ માટે નોમીનેટ થનાર પ્રથમ ભારતીય બની. તેની પસંદગી ઇન્ડોનેશિયાની પ્રીસકા મેડેલિન નુગોરહો સાથે કરાઈ.
- મહારાષ્ટ્ર સરકારની રાજ્યના દરેક વ્યક્તિને મહાત્મા જ્યોતિબા ફૂલે જન આરોગ્ય યોજના અંતર્ગત મફત સ્વાસ્થ્ય સેવા આપવાની ઘોષણા. આમ મહારાષ્ટ્ર તમામ લોકોને મફત વીમા સેવા આપનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- તરૂણ બજાજ ઇકોનોમિક અફેર્સ (આર્થિક બાબતો)ના સેક્રેટરી નિયુક્ત.
- અજય તિર્કી મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ નિયુક્ત.
- પુરાતત્વવિદ પ્રોફેસર બી. બી. લાલના શતાબ્દી વર્ષ નિમિત્તે સંસ્કૃતિ મંત્રીએ ઈ-બુક 'પ્રો. બી. બી. લાલ: ઇન્ડિયા રીડિસ્કવર્ડ' લોન્ચ કરી.
- છત્તીસગઢ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGS) અંતર્ગત અકુશળ શ્રમિકોને રોજગારી આપનાર રાજ્યોમાં પ્રથમ ક્રમે.

5 મે

- નીરજ ધવન યસ બેંકના ચીફ રિસ્ક ઓફિસર (CRO) નિયુક્ત.
- રમેશ બાબુ વી. NTPCના ડિરેક્ટર (ઓપરેશન) નિયુક્ત.
- કેન્દ્રએ કાવેરી વોટર મેનેજમેન્ટ ઓથોરીટી (CWMA) જળ શક્તિ મંત્રાલયને આધીન કરી.
- ICC ટેસ્ટ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા (116 અંક) અને ન્યુઝીલેન્ડ (115 અંક) બાદ 114 અંક સહિત ભારત ત્રીજા ક્રમે.
- નાસાના પ્રથમ મંગળ હેલિકોપ્ટરનું નામ 'ઇનજેન્યુટી' રાખવાનો શ્રેય 17 વર્ષની ભારતીય મૂળની છોકરી વનીઝા રૂપાણીને મળ્યો.
- HDFC બેંકે રાષ્ટ્રીય લોકડાઉન અને કોરોના વાયરસ મહામારી વચ્ચે આશાઓને જીવિત રાખવા માટે #HumHarNahiManenge (હમ હાર નહિ માનેંગે) ગીત લોન્ચ કર્યું. આ ગીતના શબ્દો પ્રસૂન જોશીના અને સંગીત એ. આર. રહેમાનનું છે.
- 5 મે: વર્લ્ડ અસ્થમા ડે.

- લોકપાલ સભ્ય ન્યાયમૂર્તિ અજય કુમાર ત્રિપાઠીનું COVID-19થી નિધન. કોરોના વાયરસને કારણે દેશનું પ્રથમ હાઈ-પ્રોફાઇલ નિધન.

**6 મે**

- થોમસ કુક (ઇન્ડિયા) લિ.એ એશિયા સસ્ટેનેબિલીટી એવોર્ડ્સ (ASRA)માં એશિયાના સર્વશ્રેષ્ઠ ઇન્ટીગ્રેટેડ રિપોર્ટ માટે રજત પુરસ્કાર જીત્યો.
- વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સંમેલન-2020 ઓક્ટોબરમાં નેધરલેંડમાં યોજાશે.
- અમેરિકાની ધ એસોસિએટેડ એજન્સીના ત્રણ ભારતીય જર્નાલિસ્ટ્સ દાર યાસીન, મુખ્તાર ખાન અને ચન્ની આનંદ લોકડાઉન દરમ્યાન ફિચર ફોટોગ્રાફી ક્ષેત્રે આપેલ યોગદાન બદલ પુલિત્ઝર એવોર્ડ-2020થી સન્માનિત.
- રશિયા આર્કટિક ક્લાઈમેટની દેખરેખ માટેનો પ્રથમ સેટેલાઈટ 'આર્કટિકા-M' લોન્ચ કરશે.
- અમેયો (Ameyo)એ બેન્કિંગ અને ફાયનાન્સ ક્ષેત્ર માટે વિડીઓ KYC એંગેજમેન્ટ પ્લેટફોર્મ લોન્ચ કર્યું, જે RBIના દિશા-નિર્દેશો મુજબ પ્રમાણે ભૌતિક KYCની જરૂરિયાતને ટાળશે. Ameyoના CEO બિશાલ લછીરામકા છે.
- ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જતાં ડિસ્ક થ્રોઅર સંદીપ કુમારી પર ચાર વર્ષનો પ્રતિબંધ.
- ટેનિસ ઇન્ટેગ્રીટી યુનિટે ઈજિપ્તના ટેનિસ પ્લેયર યુસેફ હોસમ પર મેચ ફિક્સિંગ અને ભ્રષ્ટાચારના આરોપસર આજીવન પ્રતિબંધ મૂક્યો.
- લેફ્ટનન્ટ જનરલ રાજ શુક્લા નવા આર્મી ટ્રેનિંગ કમાન્ડ ચીફ (ArTraC) નિયુક્ત.

**7 મે**

- ફેસબુકે બોલીવુડ સાથે એક હોમ-ટૂ-હોમ ફંડરેઝર કોન્સર્ટ 'આઈ ફોર ઈન્ડિયા'નું આયોજન કર્યું, જેમાંથી થનારી 100% આવક ગીવ ઇન્ડિયા દ્વારા સંચાલિત ઇન્ડિયા COVID રિસ્પોન્સ ફંડમાં જશે.
- જાપાનના ફુકુઓકા શહેરમાં યોજાનાર વર્લ્ડ એક્વેટિક્સ ચેમ્પિયનશિપ-2021 હવે 2022માં યોજાશે.
- ભારતીય-અમેરિકન અશોક માઇકલ પિંટો ઇન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ (IBRD)ના પ્રતિનિધિ નિયુક્ત.
- પ્રદીપ કુમાર દાસ ભારતીય અક્ષય ઊર્જા વિકાસ એજન્સી (IREDA)ના નવા CMD નિયુક્ત.
- દીપક કુમાર RBL બેંકના ચીફ રિસ્ક ઓફિસર (CRO) નિયુક્ત.
- ઓગસ્ટમાં યોજાનાર બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપ-2020 હવે નવેમ્બર-2021માં સ્પેનમાં યોજાશે.

CrackGPSC

- IIT-બોમ્બેના પ્રોફેસર સૌરભ લોઢા નેનો સાયન્સ એન્ડ ટેકનોલોજી ફિલ્ડમાં યંગ કરિયર એવોર્ડ ફોર ધ યર-2020થી સન્માનિત

8 મે

- ભારતના નિલય મિતેશ એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)માં પ્રિન્સીપલ ઓપરેશન્સ કો-ઓર્ડીનેશન સ્પેશિયલિસ્ટ નિયુક્ત.
- નાઝી જર્મનીની જીતની 75મી વર્ષ ગાંઠ પર નોર્થ કોરિયાના પ્રમુખ કીમ જોંગ ઉન રશિયન પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિન દ્વારા વર્લ્ડ વોર મેડલ-IIથી સન્માનિત. કીમને આ સન્માન બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન નોર્થ કોરિયાની ટેરીટરીમાં શહીદ થયેલ રશિયન સૈનિકોની યાદોને સાચવી રાખવા બદલ આપવામાં આવ્યું. આ મેડલ નોર્થ કોરિયામાં રશિયન બ્રાન્ડ એમ્બેસેડર એલેકઝાન્ડર મેસ્ટેગોરા દ્વારા નોર્થ કોરિયાના વિદેશ મંત્રી રી-સોન-ગ્વોનને આપવામાં આવ્યું.
- કૃષ્ણન રામચંદ્રન મેક્સ બુપા હેલ્થ ઈન્સ્યોરન્સના MD અને CEO નિયુક્ત.
- જોસેફ લેન્ડ્સબર્ગ, રિચર્ડ વોરિંગ અને નિકોલસ કૂષ્સને સંયુક્ત રીતે ધ મરકસ વોલનબર્ગ પ્રાઈઝ-2020 આપવામાં આવ્યું.
- નીતિ આયોગ અને પિરમલ ફાઉન્ડેશને સિનિયર સિટીઝન્સની દેખરેખ માટે 'સુરક્ષિત દાદા-દાદી તથા નાના-નાની' કેમ્પેઈન લોન્ચ કર્યું.
- મુંબઈમાં ભારતની પ્રથમ COVID-19 પરીક્ષણ બસ શરૂ.
- હિઝબુલ મુઝાહિદ્દીનનો ચીફ આતંકવાદી રિયાઝ નાઈકૂ સિક્યોરિટી ફોર્સ દ્વારા એન્કાઉન્ટરમાં ઠાર.
- વિશાખાપટ્ટનમ નજીક આવેલ ગોપાલપટ્ટનમના LG પોલીમર પ્લાન્ટમાં સ્ટાઇરીન ગેસ લીકેજની ઘટનાથી 3 કિલોમીટરની ત્રિજ્યામાં અસર.
- ઇન્ડિયન મેટરોલોજિકલ ડીપાર્ટમેન્ટ (IMD)એ જમ્મુ-કાશ્મીરના મેટરોલોજિકલ સબ ડિવિઝનમાં જમ્મુ-કાશ્મીર, લદ્દાખ ઉપરાંત PoKના ગીલ્ગીત-બલ્તીસ્તાન અને મુઝફ્ફરાબાદનો સમાવેશ કરવાની શરૂઆત કરી.
- 8 મે: વર્લ્ડ રેડ ક્રોસ ડે.

9 મે

- ઇકોનોમિક અફેર્સ સેક્રેટરી તરૂણ બજાજ RBIના સેન્ટ્રલ બોર્ડમાં ડિરેક્ટર નિયુક્ત.
- બી. આર. શર્મા JKPSC (જમ્મુ-કાશ્મીર PSC)ના અધ્યક્ષ નિયુક્ત.
- શ્રીરામ વેંકટરામન ફ્લિપકાર્ટના ચીફ ફાયનાન્સ ઓફિસર (CFO) નિયુક્ત.
- મુસ્તફા અલ કદિમી ઈરાકના નવા વડાપ્રધાન બન્યા.

Crack GPSC

- ડી. પી. એસ. નેગી શ્રમ અને રોજગાર મંત્રાલયમાં લેબર બ્યુરોના ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- 9 મે : વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ.

10 મે

- 1999માં કારગીલ યુદ્ધમાં શહીદ થનાર 22 વર્ષીય કેપ્ટન વિજયંત થાપરની પ્રથમ જીવનકથા 'વિજયંત એટ કારગીલ: ધ લાઈફ ઓફ અ કારગીલ હીરો' લોન્ચ કરવામાં આવી. આ પુસ્તકના લેખક તેમના પિતા કર્નલ વી. એન. થાપર છે.
- અધીર રંજન ચૌધરી ફરીથી જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ નિયુક્ત.
- ભારતીય –અમેરિકન મનીષા સિંહ ઓર્ગેનાઈઝેશન ફોર ઇકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD)માં અમેરિકાનાં રાજદૂત નિયુક્ત.
- ચીને સફળતાપૂર્વક પોતાનું સૌથી મોટું કેરિઅર રોકેટ 'લોંગ માર્ચ 5B' લોન્ચ કર્યું. જેનું એક નેક્સ્ટ જનરેશન અંતરિક્ષ યાનના લોન્ચ દ્વારા ટેસ્ટિંગ થયું.
- ટાટા સ્ટીલે ઇન્ડિયન સ્ટીલ એસોસિએશનમાંથી પોતાનું સભ્ય પદ પાછું ખેંચી લીધું.
- મૂડીઝ ઇન્વેસ્ટર્સ સર્વિસે 2020-21 માટે ભારતના વિકાસ વૃદ્ધિ દરનું અનુમાન 0% કર્યું.
- ઇઝરાયેલ ઇન્સ્ટીટ્યુટ ફોર બાયોલોજિકલ રિસર્ચ (IIBR)એ એક COVID-19 વિરોધી એન્ટીબોડીનો વિકાસ કર્યો.
- 10 મે: ઇન્ટરનેશનલ મધર્સ ડે. (દર વર્ષે મે મહિનાના બીજા દિવસે મધર્સ ડે ઉજવાય છે.)

11 મે

- વિદેશમાં અટવાયેલા ભારતીયોને પરત લાવવા ભારતે પોતાનો સૌથી મોટો ઇવેક્યુએશન અભ્યાસ 'વંદે ભારત મિશન' શરૂ કર્યો.
- કુશલ રોય સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના રિટેલ બેન્કિંગ, ઇન્ડિયાના નવા MD અને પ્રેસીડેન્ટ નિયુક્ત.
- UNએ UN એન્વાયરમેન્ટ પ્રોગ્રામ (UNEP)ની ગુડવિલ એમ્બેસેડર તરીકેનો દિયા મિરઝાનો કાર્યકાળ 2022 સુધી વધાર્યો.
- ઈરાને ફુગાવાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે નવી મુદ્રા 'ટોમન' શરૂ કરવાનો નિર્ણય લીધો. ઈરાની મુદ્રાનો એકમ રીયાલ છે. જે મુજબ 10,000 રીયાલ = 1 ટોમન થાય. ઘેરન ઈરાનનો એક અન્ય મુદ્રા એકમ છે, જે મુજબ 100 ઘેરન = 1 ટોમન. એટલે 10,000 રીયાલ = 100 ઘેરન = 1 ટોમન.
- મેગ્નસ કાર્લસને મેગ્નસ કાર્લસન ઈન્વિટેશનલ ઓનલાઈન ચેસ ટૂર્નામેન્ટ જીતી.
- મધ્યપ્રદેશ સરકારી સ્કૂલના બાળકોને મીડ-ડે-મીલ રેશન આપનાર પ્રથમ રાજ્ય બન્યું.
- ગુજરાતમાં ગીર પૂર્વની તુલસીશ્યામ રેન્જમાં બેબેસિયા રોગથી સિંહનાં મોત.

## 12 મે

- ઉત્તરપ્રદેશ દરેક જિલ્લાની હોસ્પિટલ્સમાં COVID-19ના દર્દીઓ માટે વેન્ટીલેટર સહિતના બેડની સુવિધા આપનાર પ્રથમ રાજ્ય બન્યું.
- 12 મે: આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ.
- જાણીતાં ભરતનાટ્યમ ડાન્સર અને સંગીત નાટક અકાદમીનાં પૂર્વ અધ્યક્ષ લીલા સેમસન JCB પ્રાઇઝ ફોર લિટરેચર-2020 માટેની જ્યુરીનાં હેડ નિયુક્ત.
- રાહુલ દેવ પાકિસ્તાન એર ફોર્સ (PAF)માં જનરલ ડ્યુટી પાઇલટ ઓફિસર તરીકે જોડાઇને પ્રથમ હિંદુ PAF પાઇલટ બન્યો.
- આજિંક્ય રહાણે ભારત, મિડલ ઇસ્ટ, ANZ અને SAARC દેશોમાં ગ્લોબલ એડટેક કંપની ELSA કોર્પ. ઇન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- પૂર્વ શ્રીલંકન ક્રિકેટર કુમાર સંગાકારા મેરિલબોન ક્રિકેટ ક્લબ (MCC)માં બીજી ટર્મ માટે પ્રેસીડેન્ટ તરીકે યથાવત. તેઓ MCCના પ્રથમ નોન-બ્રિટીશ પ્રેસિડેન્ટ છે. બીજા વિશ્વયુદ્ધ બાદ એક વર્ષથી વધુ સમય માટે MCCના પ્રેસિડેન્ટ રહેનાર પ્રથમ વ્યક્તિ પણ બન્યા.
- ભારતીય સુંદરવનમાં વાઘોની સંખ્યા 88થી વધીને 96 થઇ.

## 13 મે

- નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ વાયરોલૉજી, પૂણેએ COVID-19 માટે પ્રથમ સ્વદેશી એન્ટીબોડી ડિટેક્શન કીટ વિકસાવી.
- ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH)એ નરિંદર બત્રાનો પ્રેસિડેન્ટ તરીકેનો કાર્યકાળ 2021 સુધી વધાર્યો.
- મધ્યપ્રદેશ સરકારે દેશની પ્રથમ 'FIR આપકે દ્વાર' યોજના શરૂ કરી. આ યોજના અંતર્ગત જનતા 100 નંબર ડાયલ કરીને FIR નોંધાવી શકે છે.
- ચીને FIDE ચેસ.કોમ ઓનલાઇન નેશન્સ કપ જીત્યો, ભારત પાંચમા ક્રમાંકે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ COVID-19 સામે અર્થતંત્રને જીવંત રાખવા માટે 20 લાખ કરોડ રૂપિયાનું આર્થિક પેકેજ જાહેર કર્યું, જેમાં જમીન, શ્રમ, તરલતા અને કાયદા પર ભાર મુકવામાં આવ્યો. તેમણે ભારતને સ્વ-નિર્ભર બનાવવા માટેના 5 પિલ્લર્સ પર ભાર મુક્યો - અર્થતંત્ર, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સિસ્ટમ (પ્રણાલી), ડેમોગ્રાફી (વસતીશાસ્ત્ર) અને માગ. તેમણે દેશની જનતાને 'Vocal about Local' બનવાના સિદ્ધાંત સહિત લોકલ પેદાશોનો ઉપયોગ કરવાની અપીલ કરી.
- ઇન્દુ શેખર ચતુર્વેદી મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી (MNRE)ના નવા સચિવ નિયુક્ત.

Crack GPSC

## 14 મે

- નોબલ વિજેતા રવિન્દ્રનાથ ટાગોરને તેમની 159મી જયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવા માટે ઇઝરાયેલના ટેલ અવિવમાં એક સ્ટ્રીટનું નામ ‘ટાગોર સ્ટ્રીટ’ રાખવામાં આવ્યું.
- CBDT દ્વારા ફોર્મ 34Fમાં મ્યુચ્યુઅલ અગ્રીમેન્ટ પ્રોસેસ લાગુ કરવા માટે IT એક્ટ-1962ના નિયમ 44(G)માં સુધારો.
- ભારતમાં સૌથી મોટી પ્યોર-પ્લે એનિમલ હેલ્થ-કેર કંપની સિક્વન્ટ સાયન્ટીફીક લિ.માં અમેરિકાના કાર્લાઇલ ગ્રુપે 74% ભાગીદારી ખરીદી.
- ‘ધ વાયર’ના ભારતીય અમેરિકન સંસ્થાપક-સંપાદક સિદ્ધાર્થ વરદરાજનને ડ્યૂશ વેલે ફ્રીડમ ઓફ સ્પીચ એવોર્ડ-2020થી સન્માનિત.
- FIFA અંડર-17 મહિલા વર્લ્ડ કપ 2020 ફેબ્રુઆરી 2021માં ભારતમાં યોજાશે.
- મનોજ આહુજા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)ના નવા ચેરમેન નિયુક્ત.
- ટેનિસ સ્ટાર સાનિયા મિરઝા ફેડ કપ હાર્ટ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય બની.
- ગુજરાતના મુખ્યમંત્રીએ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ મારફતે ભારતનું પ્રથમ હોટ એર સીમ સિલિંગ મશીન લોન્ચ કર્યું. આ મશીન PPEને પૂર્ણ રીતે સુરક્ષિત બનાવશે.
- વડાપ્રધાનના ‘આત્મનિર્ભર ભારત’ પેકેજ અંતર્ગત કંપની અને કર્મચારીઓ માટે EPF ફાળાની રકમ 12%થી ઘટાડીને 10% કરાઈ.
- આત્મનિર્ભર ભારત અંતગર્ત નાણા મંત્રાલયે MSME ઉદ્યોગોનું નવું વર્ગીકરણ આપ્યું જે મુજબ 1 કરોડ રૂપિયાથી વધુ રોકાણ અને 5 કરોડ રૂપિયાથી વધુ ટર્નઓવર ધરાવતી કંપની માઇક્રો એન્ટરપ્રાઇઝ, 10 કરોડ રૂપિયાથી વધુ રોકાણ અને 50 કરોડ રૂપિયાથી ટર્નઓવર ધરાવતી કંપની સ્મોલ એન્ટરપ્રાઇઝ જ્યારે 20 કરોડ રૂપિયાથી વધુ રોકાણ અને 100 કરોડ રૂપિયાથી વધુ ટર્નઓવર ધરવતી કંપની મિડીયમ એન્ટરપ્રાઇઝ ગણાશે.

## 15 મે

- વિપ્રો લિ. IDC માર્કેટસ્કેપ:વર્લ્ડ વાઇડ ક્લાઉડ પ્રોફેશનલ સર્વિસીસ-2020 વેન્ડર એસેસમેન્ટમાં ‘લીડર’ તરીકે અંકિત.
- ડેરન તાંગ વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠન (WIPO)ના આગામી ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- કેમ્પેગોડા ઇન્ટરનેશનલ એરપોર્ટ-બેંગલુરુએ ભારત અને મધ્ય એશિયામાં બેસ્ટ રિજનલ એરપોર્ટ માટે SKYTRAX એવોર્ડ-2020 જીત્યો.
- IAS અધિકારી વી. વિદ્યાવતી આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (ASI)નાં ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- વસુધા મિશ્રા UPSCનાં નવા સેક્રેટરી નિયુક્ત.

Crack GPSC

## 16 મે

- વર્લ્ડ ઇકોનોમિક ફોરમના એનર્જી ટ્રાન્ઝીશન ઇન્ડેક્સમાં 115 દેશોમાં ભારત 74મા ક્રમે. સ્વિડન પ્રથમ ક્રમે.
- ઇટલીએ સામાજિક અંતર જાળવવા 'iFeel-You' નામનું બ્રેસલેટ વિકસાવ્યું.
- ફોર્બ્સની ગ્લોબલ 2000 શક્તિશાળી કંપનીઓના લિસ્ટમાં ચીનની ICBC કંપની પ્રથમ ક્રમે. 58મા ક્રમાંકે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ભારતમાં પ્રથમ. ઉપરાંત HDFC, SBI સહિત કુલ 50 ભારતીય કંપનીઓનો આ લિસ્ટમાં સમાવેશ.
- સ્લોવેનિયા યુરોપનું પ્રથમ કોરોના-મુક્ત રાષ્ટ્ર બન્યું.
- વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનના ડિરેક્ટર જનરલ રોબર્ટો એઝવેડોએ પોતાના પદેથી રાજીનામું આપ્યું.

## 17 મે

- ભારતમાં છેલ્લા ચાર દાયકાઓમાં પ્રથમ કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન ઘટ્યું.
- બાબર આઝમ પાકિસ્તાન ODI ક્રિકેટ ટીમનો નવો કેપ્ટન.
- રાજેશ ગોયલ નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ (NAREDCO)ના ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- જનજાતીય બાબતોના મંત્રાલયે ફેસબુક સાથેની ભાગીદારીમાં આદિવાસી યુવાનોને મેન્ટરશિપ આપવા માટે ગોઇંગ ઓનલાઇન એજ લીડર્સ (GOAL) કાર્યક્રમ લોન્ચ કર્યો.
- કેન્દ્રએ એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સ્પોર્ટ ડેવલપમેન્ટ ઓથોરીટી (APEDA)ના સમર્થનમાં ચોખાની નિકાસના વિકાસ માટે રાઇસ એક્સપોર્ટ પ્રમોશન ફોરમ (REPF)ની સ્થાપના કરી, જે ચોખાના ઉત્પાદન અને નિકાસ સંબંધી વિકાસની દેખરેખ, ઓળખ અને પૂર્વાનુમાન સંબંધી કાર્યો કરશે.
- એપ્પલે વર્ચ્યુઅલ રિયાલીટી સ્ટાર્ટઅપ NextVRનું 100 મિલિયન ડોલર્સમાં અધિગ્રહણ કર્યું.
- બંગાળની ખાડીમાં એમ્ફાન નામનું વાવાઝોડું ઉદભવ્યું.

## 18 મે

- સિંગાપોરનું ચાંગી એરપોર્ટ સતત આઠમા વર્ષે વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ એરપોર્ટ.
- સંરક્ષણ ઉત્પાદનમાં FDIની મર્યાદા 49%થી વધારીને 74% કરાઈ.
- કોમર્શિયલ કોલ માઈનિંગમાં ખાનગી સેક્ટરને મંજૂરી અપાઈ.

- IBC (ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ) હેઠળ ઇનસોલ્વન્સી કાર્યવાહી શરૂ કરવાની લઘુત્તમ મર્યાદા વધારીને 1 કરોડ રૂપિયા કરવામાં આવી.
- અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફ ગની અને રાજકીય પ્રતિદ્વંદ્વી અબ્દુલ્લાએ સત્તામાં ભાગીદારીની સમજૂતી કરતાં ગની રાષ્ટ્રપતિ અને અબ્દુલા નેશનલ રિકન્સીલિએશન હાઇ કાઉન્સિલના અધ્યક્ષ રહેશે.
- HDFCના ઝુબેર ઇકબાલ J & K બેંકના MD નિયુક્ત.

19 મે

- IAS અવંતિકા સિંઘ ગુજરાત મેરીટાઇમ બોર્ડનાં CEO નિયુક્ત.
- સાઉથ નેવલ કમાન્ડના લેફ્ટનન્ટ કમાન્ડર અક્ષય કુમાર વાઇસ એડમિરલ જી. એમ. હીરાનંદાની મેમોરિયલ રોલિંગ ટ્રોફી-2020થી સન્માનિત.
- મેનોઆમાં હવાઇ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ 'અર્થ એન્ડ પ્લેનેટરી સાયન્સ લેટર્સ'માં ઓનલાઇન પ્રકાશિત કરેલ એક સ્ટડીમાં પાહનો ગામમાં આવેલ જ્વાળામુખીને પૃથ્વીનો સૌથી મોટો અને સૌથી ગરમ શિલ્ડ જ્વાળામુખી' ઘોષિત કર્યો. આ પહેલાં હવાઈનો મોના લોઆ દુનિયાનો સૌથી મોટો જ્વાળામુખી હતો. શિલ્ડ જ્વાળામુખી લગભગ એક બેસાલ્ટ છે, જે એક પ્રકારનો લાવા છે અને વિસ્ફોટ થાય ત્યારે ખૂબ જ તરલ હોય છે.
- સરકારે બોર્ડર ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે લેફ્ટનન્ટ જનરલ ડી. બી. શેકાતકર સમિતિની ભલામણો લાગુ કરી.
- અનિલ કુંબલેના નેતૃત્વ વાળી ICC ક્રિકેટ કમિટીએ બોલને ચમકાવવા માટે લાળના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો.
- કોટક મહિન્દ્રા બેંક ગ્રાહકોના બચત ખાતા ખોલવા માટે વિડીયો KYC ફેસિલીટી અપનાવનાર પ્રથમ ભારતીય બેંક બની.
- અલીબાબાના પ્રમુખ જેક માએ સોફ્ટબેંક બોર્ડમાંથી રાજીનામું આપ્યું.
- લિસોથોના વડાપ્રધાન થોમસ થાબેને રાજીનામું આપ્યું.
- ઇન્ડિયન નેવલ હાઇડ્રોગ્રાફિકના ચીફ હાઇડ્રોગ્રાફર વાઇસ એડમિરલ વિનય બધવાર એલેકઝાન્ડર ડેલરિંપલ એવોર્ડ-2019થી સન્માનિત.

20 મે

- વોલ્ટ ડિઝનીના ટોપ એક્ઝીક્યુટીવ કેવિન મેયર ટિકટોકના નવા CEO નિયુક્ત.
- રાજેશ ગોયલ નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ (NAREDCO)ના નવા ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- ટીમ ચેસ ગુરૂકુલે ઇન્ડિયન ચેસ.કોમ લિગ જીતી.

Crack GPSC

- જાણીતા લેખક રસ્કિન બોન્ડે તેમના 86મા જન્મ-દિવસે ઈ-ફોરમેટમાં તેમની નવી બુક 'હોપ ઓન: માય એડવેન્ચર્સ ઓન બોટ્સ, ટ્રેન્સ એન્ડ પ્લેન્સ' લોન્ચ કરી.
- મિનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ (MHUA) દ્વારા રાજકોટ અને સુરત સહિત અંબિકાપુર (છત્તીસગઢ), મૈસૂર, ઇન્દોર અને નવી મુંબઈ ભારતના '5 સ્ટાર ગાર્બેજ-ફ્રી' શહેર ઘોષિત.
- નેપાળ અને ભારત વચ્ચે લિપુલેખ પાસ અને કાલાપાની અંગે જમીન-વિવાદ. નેપાળે ભારતના લિપુલેખ પાસ, કાલાપાની અને લિમ્પીયાધુરાને પોતાના ક્ષેત્રમાં દર્શાવતો રાજકીય નકશો બહાર પાડતાં આ વિવાદ સર્જાયો. કાલાપાની ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં આવેલ છે, જ્યારે નેપાળે તે સ્થળ તેના ધારચૂલા જિલ્લાનો ભાગ હોવાનો દાવો કર્યો.

21 મે

- દિલીપ ઓમન ઇન્ડિયન સ્ટીલ એસોસિએશનના નવા અધ્યક્ષ નિયુક્ત.
- અમેરિકા સ્થિત ફર્મ મોડર્નાએ COVID-19 વિરુદ્ધ એન્ટીબોડી તૈયાર કરનાર પ્રથમ વેક્સીન વિકસાવી.
- ગોવિંદા રાજુલુ ચિંતાલા નાબાર્ડ (NABARD)ના નવા ચેરમેન નિયુક્ત.
- ઇન્ડિયન રેલવેએ તેનું પ્રથમ સ્વદેશી 12,000 hp (હોર્સપાવર) ઇલેક્ટ્રિક લોકોમોટીવ WAG12 સંચાલનમાં મૂક્યું. WAG12 પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શનથી સંચાલિત કરવામાં આવ્યું. આથી ભારત 'મેન્યુફેક્ચરિંગ હાઈ hp લોકોમોટીવ ઈન્ડીજેનસ્લી'ના એલીટ ક્લબમાં દુનિયાનો છઠ્ઠો દેશ બની ગયો.
- કાર્મેન રીનહાર્ટ વર્લ્ડ બેંકનાં ચીફ ઇકોનોમિસ્ટ નિયુક્ત.

22 મે

- કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન WHOના 34 સભ્યો વાળા એક્ઝીક્યુટીવ બોર્ડના ચેરમેન નિયુક્ત.
- NASAના હ્યુમન સ્પેસફ્લાઈટ ચીફ ડોગ લોવેરોએ પોતાના પદેથી રાજીનામું આપતાં એસ્ટ્રોનોટ કેન બોવરસોક્સ કાર્યકારી હ્યુમન એક્સપ્લોરેશન ચીફ નિયુક્ત.
- અમેરિકાએ ઓપન સ્કાઈઝ સર્વેલન્સ ટ્રીટીમાંથી બહાર નીકળવાની ઘોષણા કરી. ઓપન સ્કાઈઝ સર્વેલન્સ ટ્રીટી જાન્યુઆરી -2002થી અસ્તિત્વમાં છે. આ સંધિ અંતર્ગત તેના સભ્ય દેશોને એક બીજાના ક્ષેત્રોમાં નિ:શસ્ત્ર દેખરેખ ઉડાનોના સંચાલનની મંજૂરી આપવામાં આવેલ છે.
- રામ જન્મભૂમિ પરિસરના સમતલીકરણ સમયે રામ-દરબારના અવશેષો મળ્યા. આ અવશેષો આઠમી શતાબ્દીના હોવાનો અંદાજ છે.

Crack GPSC

- બી. આર. શર્મા જમ્મુ-કાશ્મીર પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન નિયુક્ત.

23 મે

- COVID-19 સામેની લડાઈમાં મણીપુરની KHUDOL પહેલ UN દ્વારા વિશ્વની ટોચની 10 પહેલમાંની એક ઘોષિત.
- નવો રેપો રેટ 4%, રિવર્સ રેપો રેટ 3.35%.
- ચીન બાદ ભારત વિશ્વનો સૌથી મોટો PPE કીટ નિર્માતા દેશ.
- અમેરિકાની KKR કંપનીએ રિલાયન્સ જિઓમાં 2.32% ભાગીદારી ખરીદી.
- આસામનાં જાહ્નબી ફૂકન FICCI લેડીઝ ઓર્ગેનાઇઝેશન (FLO)નાં નેશનલ પ્રેસિડેન્ટ નિયુક્ત.

24 મે

- ભારતીય અર્થશાસ્ત્રી અભાસ ઝા વર્લ્ડ બેંકમાં દક્ષિણ એશિયામાં જળવાયુ પરિવર્તન અને આપદા પ્રબંધન પરની મહત્વની પોઝિશન પર નિયુક્ત.
- ડેની હેમલીને ટોયોટા 500 રેસ જીતી.
- 24 મે: કોમનવેલ્થ ડે. આ દિવસે ક્વિન વિક્ટોરિયાના જન્મ દિવસે ઉજવાય છે. ઈ.સ. 1819માં આ દિવસે તેમનો જન્મ થયો હતો.

25 મે

- ટી. એસ. તિરૂમૂર્તિ UNમાં ભારતના એમ્બેસેડર નિયુક્ત.
- જાપાનીઝ ટેનિસ સ્ટાર નાઓમી ઓસાકા વિશ્વની હાઈએસ્ટ પેઈડ ફિમેલ એથલીટ બની.
- ભારતના હોકી લિજેન્ડ પદ્મ શ્રી બલબીર સિંઘ દોસાંજનું નિધન.
- ઝોમેટોના ફૂડ ડિલીવરી હેડ મોહિત ગુપ્તા ઝોમેટોના કો-ફાઉન્ડર બન્યા.

26 મે

- દિલ્હી હાઈકોર્ટ જજ સંગીતા ઢીંગરા દિલ્હી સ્ટેટ કન્ઝ્યુમર ડિસ્પુટ રિડ્રેસલ કમિશન (DSDRC)નાં પ્રેસિડેન્ટ નિયુક્ત.
- વાન બોક્સમીર વોડાફોનના આગામી ચેરમેન નિયુક્ત. તેઓ  નવેમ્બર-2020થી પોતાનો કાર્યભાર સંભાળશે.
- પ્રખ્યાત બ્રિટિશ લેખિકા જે. કે. રોલિંગે પોતાની નવી બાળ પુસ્તક 'ધ ઇકાબોગ'ના પ્રથમ બે અધ્યાય પ્રકાશિત કર્યા.

Crack GPSC

- ઇન્ડિયન મલ્ટી-ઇન્ડસ્ટ્રી કંપની ITCએ કોલકાતા સ્થિત સ્પાઇસ મેન્યુફેક્ચરિંગ કંપની સનરાઇઝ ફૂડસને અધિગ્રહણ કરવાની જાહેરાત કરી.

## 27 મે

- ભારતીય સેના અધિકારી મેજર સુમન ગવાની UN આર્મી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર-2019થી સન્માનિત. તેઓ આ પુરસ્કારથી સન્માનિત થનાર પ્રથમ ભારતીય બનશે.
- કેન્દ્રીય સડક મંત્રાલયે ચારધામ હાઈવે પ્રોજેક્ટ અંતર્ગત ઉત્તરાખંડની સૌથી હાઈટેક ચંબા ટનલ (440 મીટર લંબાઈ)નું ઉદઘાટન કર્યું.
- IBMના ભારતીય-અમેરિકન ઇન્વેન્ટર રાજીવ જોશીએ ન્યુયોર્ક ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી લો એસોસિએશનનો (NYIPLA) ઇન્વેન્ટર ઓફ ધ યર પુરસ્કાર જીત્યો.
- NASAએ તેના નેક્સ્ટ-જનરેશન સ્પેસ ટેલિસ્કોપ 'વાઇડ-ફિલ્ડ ઇન્ફ્રારેડ સર્વે ટેલિસ્કોપ (WFIRST)નું નામ નેન્સી ગ્રેસ રોમનના નામ પરથી 'મધર ઓફ હબલ' રાખ્યું.
- ફેસબુકે કોલિંગ એપ્લીકેશન 'CatchUp' શરૂ કર્યું.
- પી. કે. નાયર નાઇજરના નવા ભારતીય એમ્બેસેડર નિયુક્ત.
- ઇટલીએ UEFA e-EURO-2020 ચેમ્પિયનશિપ જીતી.

## 28 મે

- સલમાન ખાને પોતાની પર્સનલ કેર બ્રાન્ડ 'FRSH' શરૂ કરી.
- અમેરિકા COVID-19ને કારણે એક લાખથી વધુ મૃત્યુઆંક ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ બન્યો.
- બ્રાઝિલના માર્કોસ ટ્રોયજો ન્યુ ડેવલપમેન્ટ બેંક (NDB)ના આગામી ચેરમેન નિયુક્ત. NDB પહેલાં BRICS ડેવલપમેન્ટ બેંકના નામે ઓળખાતી.
- શ્રીલંકાના ફાસ્ટ બોલર શેહાન મદુશંકા હેરોઈનના સેવનને કારણે ક્રિકેટના દરેક ફોરમેટમાંથી સસ્પેન્ડ.
- એસ. એન. રાજેશ્વરી ઓરિએન્ટલ ઇન્સ્યોરન્સ કંપનીના CMD નિયુક્ત.
- IIT-મદ્રાસે કારમાં વપરાતા સ્ટીલ અને એલ્યુમિનિયમના સ્થાને ઉપયોગમાં લેવા માટે હલકા વજનની મેગ્નેશિયમ ધાતુ વિકસાવી.

## 29 મે

- પેરિયાસામી કુમારન સિંગાપોરમાં આગામી ભારતીય હાઈકમિશનર નિયુક્ત.
- સ્પોર્ટ્સ ઓફ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (SAI)ના ડિરેક્ટર જનરલ સંદીપ મુકુંદ પ્રધાનનો કાર્યકાળ બે વર્ષ વધારાયો.

Crack GPSC

- મુંબઈ સ્થિત સ્ટાર્ટપ VAMS ગ્લોબલે દુનિયાનું પ્રથમ કોન્ટેક્ટલેસ વિઝીટર મેનેજમેન્ટ સોફ્ટવેર વિકસાવ્યું.
- છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી અજિત જોગીનું નિધન.
- એમન એઝ્રાત ફ્રાન્સના કેપજેમિની ગ્રુપના નવા CEO નિયુક્ત.

## 30 મે

- લિઓ પુરી જે પી મોર્ગન સાઉથ એશિયા એન્ડ સાઉથ ઇસ્ટ એશિયાના નવા ચેરમેન નિયુક્ત.
- થિયેરી ડેલાપોર્ટે IT જાયન્ટ વિપ્રોના CEO અને MD નિયુક્ત.
- સાઉથ આફ્રિકાનાં HIV રિસર્ચર કુરેશા અબ્દુલ કરીમે ક્રિસ્ટોફ મરિયુ પ્રાઈઝ જીત્યું.
- આર. શ્રીરેખા કેરળનાં પ્રથમ મહિલા DGP નિયુક્ત.
- ભારત અને બ્રાઝિલનાં વિમેન પીસકીપર્સે સંયુક્ત રીતે UN મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર-2019 એવોર્ડ જીત્યો.
- વિખ્યાત જ્યોતિષ બેજન દારૂવાલાનું નિધન.

## 31 મે

- 31 મે: તમાકુ નિષેધ દિન.
- ચેન્નઈ સ્થિત સેન્ટ્રલ ઇન્સ્ટીટ્યુટ ઓફ પ્લાસ્ટિક એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (CIPET)નું નામ બદલીને ઇન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોકેમિકલ્સ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી રાખવામાં આવ્યું.
- ડેન્માર્કે કોરોના ટેસ્ટ કરતો વિશ્વનો પ્રથમ રોબોટ બનાવ્યો.
- સી. શ્રીધર PMOના સંયુક્ત સચિવ નિયુક્ત.
- અરૂણ સિંઘલ ફૂડ સેક્ટરના CEO નિયુક્ત.

Crack GPSC

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી

**Quality એટલે Crack GPSC**

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ કલાસ કરવાની જરૂર જ નથી.

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, કલાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

Crack GPSC

ક્રેક GPSC